| | |
|---|---|
| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **હિસાબ નિયામકશ્રીની કચેરી**<br>**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬ ૪૫૦** |

વંચાણમાં:– (૧) આ કચેરીના પત્ર ક્રમાંક નં. જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/૩૪૪૦–૪૧/૨૦૨૧, તા.૨૯/૦૪/૨૦૨૧
(૨) આ કચેરીની તા. ૨૩/૦૪/૨૦૨૧ ની નોંધ ઉપર માન. કુલપતિશ્રીએ આપેલ મંજુરી.

# –: પરિપત્ર :–

**વિષય :–** સને ૨૦૨૧–૨૨ના વર્ષની ઈન્કમટેક્ષ 24Q અને 26Q ની TDS સંબંધી કામગીરી સોંપવા બાબત.

ઉપરોકત વંચાણે લીધેલ પત્ર ક્રમાંક–૧ થી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓની ઈન્કમટેક્ષ સંબંધી 24Q અને 26Q ની TDS અંગેની કામગીરી **સને ૨૦૨૧–૨૨ ના વર્ષ** માટે શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, ૧૧૪, પહેલો માળ, મનોહર કોમ્પ્લેક્ષ, ફુવારા, નવસારીને સોંપવામાં આવેલ છે. જેથી ચાલુ નાણાંકીય વર્ષની આવકવેરા સંબંધી ઓનલાઈન ફાઈલીંગની સઘળી કામગીરી ઉપરોકત પાર્ટી સંભાળશે. જેથી દરેક કચેરીના દર ત્રિમાસિક 24Q અને 26Q ની TDS ની માહિતી ઈન્કમટેક્ષ વિભાગને ઓનલાઈન ફાઈલ કરવાની થતી હોય, જે માટે આપની કચેરીના 24Q ની માહિતી માટે પગારબીલ સાથે જોડવામાં આવેલ કર્મચારીઓનું ઈન્કમટેક્ષ કપાત પત્રક અને 26Q ની માહિતી અને બેંકમાં જમા કરાવેલ TDS ની રકમના ચલણની નકલ તેમજ, ડીડીઓની માહિતી દર્શાવતું પત્રક કવાર્ટર પૂરૂ થયાના દિવસ –૫ માં સોફટકોપી મોકલી આપવાની રહેશે. તેમ છતાં સમય મર્યાદામાં સદરહું માહિતી જે તે કચેરી તરફથી પૂરી પાડવામાં નહિ આવે તો આવકવેરા સંબંધી જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીની રહેશે. તેમજ **(ગત વર્ષના ભાવ મુજબ )** 24Q અને 26Q ની TDS ની ઓન લાઈન કરવાની કામગીરી માટે સદરહું પાર્ટીના કવાર્ટર દીઠ 24Q ના રૂા. ૫૦૦/–+ ટેક્ષ ( ૫૦ એન્ટ્રી સુધીના ) અને 26Q ના રૂા. ૫૦૦/– + ટેક્ષના તથા ત્યારબાદ ૫૧ થી ૧૦૦ એન્ટ્રી સુધીના રૂા.૭૫૦/– છે. અને ત્યાર બાદ ૧૦૦ એન્ટ્રીથી ઉપરની ૧ એન્ટ્રીના રૂા.૩/– મુજબનું ચુકવણું જે તે કચેરીના બજેટ સદરમાં મંજુર થયેલ ગ્રાન્ટમાં કરવાનો રહેશે. તેમજ ઈન્કમટેક્ષ સંબંધી તમામ કામગીરી માટે શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ, નવસારીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પાર્ટીના માલિકનું નામ | **શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ એસોસીયેટ** |
| ૨. | સરનામું | ૧૧૪, પહેલો માળ, મનોહર કોમ્પ્લેક્ષ, દાબુ હોસ્પિટલ સામે, ફુવારા, નવસારી. |
| ૩. | કચેરીનો ફોન નંબર | **મો. ૯૮૭૯૫ ૪૫૪૭૦ / ૦૨૬૩૭ – ૨૮૦૦૧૧** |
| ૪ | માર્ગદર્શન માટે મોબાઈલ નંબર | **મો. ૯૮૭૯૫ ૪૫૪૭૦** |
| ૫ | ઈ–મેઈલ | **bdubey34@yahoo.co.in** |

**જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/વહટ/ ૩૪૪૨ /૨૦૨૧.**
**નવસારી તારીખ :૨૯/૦૪/૨૦૨૧.**

I/c **હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના :**
(૧) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

**નકલ રવાના :**
(૧) વહીવટી–વ–હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ જાણ થવા સારૂ.
(૨) શ્રી ભૂપેન્દ્ર દૂબે એન્ડ અસોસીએટસ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, નવસારી.